RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 13 * Issue No. 14 * Date: 02.11.2026,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ઓક્ટોબરમાં GST કલેક્શનમાં ૨૨.૯%નો ઉછાળો, સરકારની તિજોરીમાં ૨.૩૧ લાખ કરોડ રૂપિયાથી છલકાઇ



ભારતમાં ઓક્ટોબર ૨૦૨૬માં જ્ઞ્ કલેક્શન ૨૨.૯% વધીને ૨,૩૧,૨૯૦ કરોડ રૂપિયા થયું છે. નાણાં મંત્રાલયના આંકડા મુજબ, સ્થાનિક આવકમાં ૧૫.૮% અને આયાતમાંથી ૪૨.૨%નો વધારો નોંધાયો છે. રિફંડ બાદ નેટ કલેક્શન ૨૫.૬% વધીને ૨,૦૩,૩૫૬ કરોડ રૂપિયા થયું. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં કુલ જ્ઞ્ કલેક્શન ૧૪.૭૭ લાખ કરોડ રૂપિયા થયું છે, જે ૧૩.૨%નો વધારો દર્શાવે છે.ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (જ્ઞ્) કલેક્શનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઓક્ટોબર ૨૦૨૬માં ગ્રોસ જ્ઞ્ કલેક્શન વાર્ષિક ધોરણે ૨૨.૯ ટકા વધીને ૨,૩૧,૨૯૦ કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર ૨૦૨૫માં આ આંકડો ૧,૮૮,૧૨૫ કરોડ રૂપિયા હતો. આમ, ગયા વર્ષની સરખામણીમાં આ વખતે ૪૩,૧૬૫ કરોડ રૂપિયાની વધુ આવક થઈ છે. નાણાં મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર, સ્થાનિક આવક અને આયાતમાંથી મળેલી આવકમાં થયેલો વધારો જ્ઞ્ કલેક્શન વધવાનું મુખ્ય કારણ છે.

ઓક્ટોબર ૨૦૨૬માં સ્થાનિક વ્યવહારોમાંથી મળેલી ગ્રોસ જ્ઞ્ આવક વાર્ષિક ધોરણે ૧૫.૮ ટકા વધીને ૧,૫૯,૦૪૪ કરોડ રૂપિયા થઈ છે. ઓક્ટોબર ૨૦૨૫માં આ આવક ૧,૩૭,૩૨૮ કરોડ રૂપિયા હતી. બીજી તરફ, આયાતમાંથી મળેલી જ્ઞ્ આવકમાં ૪૨.૨ ટકાનો મોટો વધારો નોંધાયો છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આયાતમાંથી ૫૦,૭૯૬ કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે આ વર્ષે વધીને ૭૨,૨૪૬ કરોડ રૂપિયા થઈ છે. ઈન્ટિગ્રેટેડ જ્ઞ્ (જ્ઞ્)માં સ્થાનિક વ્યવહારોમાંથી ૬૪,૭૬૯ કરોડ રૂપિયા અને આયાતમાંથી ૭૨,૨૪૬ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે.ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન કુલ જ્ઞ્ રિફંડ વાર્ષિક ધોરણે ૬.૫ ટકા વધીને ૨૭,૯૩૪ કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર ૨૦૨૫માં ૨૬,૨૨૫ કરોડ રૂપિયાનું રિફંડ આપવામાં આવ્યું હતું. આ વખતે કુલ રિફંડમાં સ્થાનિક વ્યવહારોના ૧૪,૦૦૭ કરોડ રૂપિયા અને આયાત તથા ંઝઈચ્છ્ઈ નિકાસ સંબંધિત ૧૩,૯૨૭ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. રિફંડની રકમ બાદ કરતાં ઓક્ટોબર ૨૦૨૬નું નેટ જ્ઞ્ કલેક્શન ૨૫.૬ ટકા વધીને ૨,૦૩,૩૫૬ કરોડ રૂપિયા થયું છે. ગયા વર્ષે સમાન મહિનામાં નેટ જ્ઞ્ આવક ૧,૬૧,૯૦૦ કરોડ રૂપિયા હતી.ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં એપ્રિલથી ઓક્ટોબર સુધીના સાત મહિનામાં કુલ ગ્રોસ જ્ઞ્ કલેક્શન ૧૪,૭૭,૫૬૯ કરોડ રૂપિયા થયું છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો ૧૩,૦૫,૨૧૩ કરોડ રૂપિયા હતો. આમ, વાર્ષિક ધોરણે તેમાં ૧૩.૨ ટકાનો વધારો નોંધાયો છે. આ સાત મહિનામાં કુલ નેટ જ્ઞ્ આવક ૧૨,૬૯,૪૮૬ કરોડ રૂપિયા રહી છે.



અમદાવાદમાં ટ્રાફિક - દારૂ-ડ્રગ્સ મુદ્દે પોલીસ-ધારાસભ્યોની બેઠક

કેપ્સુલ સિસ્ટમ અને ગેરકાયદે પાર્કિંગની સમીક્ષા કરવા CP સમક્ષ રજૂઆત




અમદાવાદમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યા, કોટવિસ્તાર સહિત પોશ વિસ્તારોમાં ડ્રગ્સનું વેચાણ અને દારૂના અડ્ડાઓ મુદ્દે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની અધ્યક્ષતામાં સંકલન બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો તેમજ સાંસદ સભ્યોએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરી હતી. આ બેઠકમાં ભાજપના ધારાસભ્યએ ટ્રાફિક પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી કેપ્સુલ સિસ્ટમ સામે વિરોધ નોંધાવી ઉકેલ લાવવા માંગ કરી હતી.જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ રજૂઆત કરી હતી કે જ્યારે પણ ઓવરબ્રિજ બનાવવામાં આવે ત્યારે બ્રિજ પ્રોજેક્ટની સાથે ટ્રાફિક પોલીસને પણ સાથે રાખવી જોઈએ જેથી યોગ્ય આયોજન થઈ શકે. આ ઉપરાંત પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં અનેક જગ્યાએ ચાલતા દારૂના અડ્ડા બંધ કરાવવા માટે પણ ધારાસભ્યો દ્વારા પોલીસ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી.દરિયાપુરના ધારાસભ્ય કૌશિક જૈને દરિયાપુર, શાહપુર, શંકર ભુવન અને દિલ્હી દરવાજા વિસ્તારમાં ટ્રાફિક અને ગેરકાયદે પાર્કિંગનો મુદ્દો ઉઠાવ્યો હતો. ધૂધેશ્વરની મહાકાળીની ચાલી પાસે મંદિરે આવતા દર્શનાર્થીઓ માટે રોડ પર પડેલી બંધ ગાડીઓ અને લારી-ગલ્લા દૂર કરવા રજૂઆત કરી હતી. તહુપરાંત તહેવારોમાં નોનવેજની દુકાનોમાં કપડું ઢાંકીને વેચાણ કરવાના નિયમનું પાલન કરાવવા માંગ કરી હતી.બાપુનગરના ધારાસભ્ય દિનેશ કુશવાહે ચારતોડા કબ્રસ્તાન નજીક કોરેક્ષ કફ સીરપના વેચાણ સામે રજૂઆત કરી હતી, જેના જવાબમાં પોલીસે ડિસ્ટ્રીબ્યુટરનું લાયસન્સ રદ કરવા સુધીના પગલાં ભરવાની ખાતરી આપી હતી. બીજી તરફ અમરાઈવાડીના ધારાસભ્ય ડો. હસમુખ પટેલે રામરાજ્યનગર અને રબારી કોલોનીમાં ટ્રાફિક પોઈન્ટ મૂકવા અને ખારીકટ કેનાલ રોડ પર સીસીટીવી કેમેરા લગાવવા રજૂઆત કરી હતીઠક્કરબાપાનગરના ધારાસભ્ય કંચનબેન રાદડિયાએ સરદાર ચોક અને જી.ડી. રોડ પર ચોરી-લૂંટના બનાવો અટકાવવા પેટ્રોલિંગ વધારવા કહ્યું હતું. નરોડાના ધારાસભ્ય ડો. પાયલ કુકરાણીએ કેપ્સુલ સિસ્ટમનો સર્વે કરવા, કુબેરનગર માર્કેટમાં બંદોબસ્ત રાખવા અને શહેરના ૧૩ એન્ટ્રી પોઈન્ટ પર વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સીસીટીવી કેમેરા લગાવવા રજૂઆત કરી હતી.

નારણપુરાના ધારાસભ્ય જીતુભાઈ પટેલે વાડજ ઓવરબ્રિજ નીચે ટ્રાફિક ન થાય તે માટે સિગ્નલ લગાવવા રજૂઆત કરી હતી. આ ઉપરાંત એક જ બિલ્ડિંગમાં ચાલતા નારણપુરા અને વાડજ પોલીસ સ્ટેશનમાંથી નારણપુરા પોલીસ સ્ટેશન અલગ બનાવવા ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યા મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ધારાસભ્યોએ ચાર રસ્તા પર ડીવાઈડર બંધ કરીને બનાવાતી કેપ્સુલ સિસ્ટમ દરેક જગ્યાએ ઉપયોગી ન હોવાનું જણાવી વિરોધ દર્શાવ્યો હતો. બેઠકમાં વસ્ત્રાપુર અને ગુજરાત યુનિવર્સિટી સહિતના વિસ્તારોમાં ડ્રગ્સ અને દારૂના વેચાણ અંગે પણ રજૂઆત કરાઈ હતી, જેની સામે પોલીસે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

૨૦૦૩થી ૨૦૨૬ સુધી દિવાળી પેરોલમાં ઉંમર ઘટી, મુદ્દત વધી



દિવાળીના તહેવાર નિમિત્તે જેલમાં સજા ભોગવતા કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાની તક આપવા ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે વિશેષ પેરોલ આપવામાં આવે છે. આ વર્ષે રાજ્યના ૧૪૩ કેદીને ૧૫ દિવસની પેરોલ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, કેદીઓને પેરોલ આપવાની મૂળ કાનૂની જોગવાઈ ૧૯૫૯ના 'ધ પ્રિઝન્સ (બોમ્બે ફર્લો એન્ડ પેરોલ) રૂલ્સ'માં છે, પરંતુ આ નિયમોમાં દિવાળી જેવા તહેવાર નિમિત્તે પેરોલ આપવાની અલગ જોગવાઈ જોવા મળતી નથી. એટલે કે દિવાળી પેરોલ એ સામાન્ય પેરોલની જોગવાઈથી અલગ વિશેષ વ્યવસ્થા છે.

૧૯૫૯ના જેલ નિયમોના નિયમ ૧૯ મુજબ કેદીને ગંભીર બીમારી, નજીકના સગાનું મૃત્યુ અથવા ઘર પડી જવું, પૂર અને આગ જેવી કુદરતી આફતના કિસ્સામાં પેરોલ આપી શકાય છે. આ નિયમમાં એક સમયે વધુમાં વધુ ૩૦ દિવસની પેરોલની જોગવાઈ દર્શાવવામાં આવી છે. નિયમ ૧૮માં પેરોલ મંજૂર કરવાની સત્તા કોની પાસે રહેશે તે નક્કી કરવામાં આવ્યું છે. નિયમ ૨૧થી ૨૪માં અરજી, તપાસ અને પેરોલની શરતો અંગેની જોગવાઈ છે.આ નિયમોમાં પેરોલ અને ફર્લો વચ્ચે પણ તફાવત કરવામાં આવ્યો છે. ફર્લો નિયમિત સમયાંતરે આપવામાં આવતી રજા છે, જ્યારે પેરોલ ચોક્કસ કારણોસર આપવામાં આવતી રાહત છે.૨૦૦૩માં ગુજરાત સરકારે દિવાળીના તહેવાર નિમિત્તે વૃદ્ધ પુરુષ અને મહિલા કેદીઓને પરિવાર સાથે તહેવાર ઉજવવાની તક આપવા વિશેષ પેરોલની વ્યવસ્થા શરૂ કરી હતી.



"સર"વિરુદ્ધ માં વિપક્ષ ની રામલીલા મેદાન માં દસ લાખ થી વધુ જનમેદની ઉમટી પડી.. શાસક ચિંતા માં....

તંત્રી લેખ

સોના-ચાંદીમાં મોટો કડાકોઃ ચાંદી એક જ મહિનામાં ૪૦ હજાર રૂપિયા સસ્તી, સોનું પણ થયું સસ્તું

ઓક્ટોબર મહિનામાં સોના-ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલ્યો છે. સ્ઝઠ અને સ્થાનિક બજારોમાં કિંમતી ધાતુઓ સસ્તી થઈ છે. ચાંદી પ્રતિ કિલો ?૪૦,૦૦૦થી વધુ ઘટી છે, જ્યારે સોનું ૧૦ ગ્રામ દીઠ ?૧૦,૦૦૦થી વધુ સસ્તું થયું છે. ફેસ્ટિવ સિઝનમાં આ ઘટાડાથી ગ્રાહકોને ફાયદો થયો છે. આ ભાવમાં ઘટાડો ૩૦ સપ્ટેમ્બરથી ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન નોંધાયો છે.

ઓક્ટોબર મહિનો પૂરો થતાં જ સોના અને ચાંદીના ભાવમાં ભારે કડાકો જોવા મળ્યો છે. ફેસ્ટિવ સિઝનમાં ગોલ્ડ-સિલ્વર બિગ ક્રેશ નોંધાયો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (સ્ઝઠ) થી લઈને સ્થાનિક બુલિયન માર્કેટ સુધી કિંમતી ધાતુઓના ભાવ ગગડ્યા છે. ચાંદીના ભાવમાં એક જ મહિનામાં પ્રતિ કિલોગ્રામ ?૪૦,૦૦૦ થી વધુનો ઘટાડો થયો છે. ૩૦ સપ્ટેમ્બરે ૧ કિલો ચાંદીનો ભાવ ? ૨,૨૩,૭૦૬ હતો, જે ૩૦ ઓક્ટોબરે ઘટીને ? ૧,૭૮,૯૦૦ પર બંધ થયો હતો. એટલે કે મહિનાભરમાં ચાંદી ? ૪૪,૮૦૬ પ્રતિ કિલો સસ્તી થઈ છે. જાન્યુઆરીના ઓલ-ટાઇમ હાઇ લેવલ ? ૪,૨૦,૦૪૮ થી સરખામણી કરીએ, તો ચાંદી અત્યાર સુધીમાં ? ૨,૪૧,૧૪૮ પ્રતિ કિલો ઘટી ચૂકી છે.સ્થાનિક બજાર (ખ્તછ): દિલ્હીના સરાફા બજારમાં ૩૦ સપ્ટેમ્બરે ચાંદી ? ૨,૨૦,૪૩૫ પ્રતિ કિલો હતી, જે ૩૦ ઓક્ટોબરે ઘટીને ? ૧,૮૧,૩૪૪ પર બંધ થઈ હતી. એટલે કે સ્થાનિક બજારમાં ચાંદી ? ૩૯,૦૯૧ પ્રતિ કિલો સસ્તી થઈ છે.સ્થાનિક બજાર (ખ્તછ): દિલ્હીના બજારોમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ? ૧,૪૭,૮૮૮ થી ઘટીને ? ૧,૪૦,૦૫૪ થયો છે, જે પ્રતિ ૧૦ ગ્રામ ? ૭,૮૩૪ નો ઘટાડો દર્શાવે છે.

લોભ એ મૃત્યુ છે, સંતોષ એ જ સાચી સમૃદ્ધિ

હવે તો વાર્તા ઇતિહાસ બની ગઈ છે. ભાભો ઢોર ચારતા.. ચપટી બોર લાવતા એ કોણ સાંભળવે અને કોણ સાંભળે. મોબાઈલ મસ્તી જ પણ પહેલા આપણા દાદીમા વાર્તા કહેતા કે એક સોનાનું ઈંડું આપતી મરઘી હતી.માલિકે લોભમાં મરઘી કાપી નાખી અને બધું જ ગુમાવ્યું. હજારો વર્ષોથી આ વાત આપણને કહેવામાં આવે છે, છતાં માનવીના મનમાંથી લોભ જતો નથી. કારણ કે લોભ એ બુદ્ધિનો નહીં, વૃત્તિનો વિષય છે.

આજનું ચિંતન એક ગરીબ બ્રાહ્મણ અને સાપની છે, પણ હકીકતમાં તે આપણા સૌના મનની વાર્તા છે. આપણા મનમાં પણ એક દર છે, જેમાં સોનાના સિક્કા રૂપી ઈચ્છાઓ ભરેલી છે અને બહાર એક શ્રદ્ધા રૂપી બ્રાહ્મણ બેઠો છે. જ્યાં સુધી શ્રદ્ધા છે ત્યાં સુધી સોનુ મળે છે, પણ જ્યાં લોભ પ્રવેશે છે ત્યાં મૃત્યુ નિશ્ચિત છે.

એક ગરીબ બ્રાહ્મણ તેના નાના ખેતરમાં રાત-દિવસ ખૂબ સખત મહેનત કરતો હતો. પરસેવો પાડતો, પણ ખેતરમાં પાક સારો થતો નહોતો. એક દિવસ ઉનાળાના બપોરે, થાકી જવાથી તે આરામ કરવા માટે ખેતરના છેવાડે આવેલા એક મોટા ઝાડ નીચે બેઠો. તે જ સમયે તેણે એક દ્રશ્ય જોયું - એક તેજસ્વી સાપ તેના દરમાંથી બહાર આવી રહ્યો હતો.

બ્રાહ્મણના મનમાં વિચાર આવ્યો. આપણી સંસ્કૃતિમાં નાગને ખેતરનો રક્ષક માનવામાં આવે છે. તેણે વિચાર્યું, "મારે દરરોજ આ સાપની પૂજા કરવી જોઈએ. આ ખેતરના રક્ષક છે. કદાચ તેના આશીર્વાદથી મારા ખેતરમાં સારો પાક થશે."

તે સાંજે, તે ઘરેથી એક માટીના વાસણમાં દૂધ લાવ્યો. દર પાસે જઈને અત્યંત ભાવથી બોલ્યો, "હે ખેતરના રક્ષક, હું તમને આ દૂધ અર્પણ કરું છું. કૃપા કરીને મને તમારા આશીર્વાદ આપો. મારા બાળકો ભૂખ્યા છે."

બીજી સવારે, જ્યારે બ્રાહ્મણ પાછો આવ્યો, ત્યારે તેને દૂધના ખાલી વાસણમાં એક ચમકતો સોનાનો સિક્કો મળ્યો. તેની આંખો પહોળી થઈ ગઈ. તેને પોતાની આંખો પર વિશ્વાસ ન આવ્યો. તેણે સિક્કો ઉપાડીને માથા પર લગાવ્યો.

બસ,ત્યારથી નિયમ બની ગયો. બ્રાહ્મણ દરરોજ સાપને દૂધ આપતો રહ્યો અને બદલામાં, સાપ વાસણમાં એક સોનાનો સિક્કો મૂકી જતો હતો. તેને પૂછો નહીં, થોડા જ મહિનામાં બ્રાહ્મણ ગરીબમાંથી ધનવાન બની ગયો.ખેતર સારું થયું, ઘર સારું થયું.પછી એક દિવસ, તેને કોઈ કામ માટે શહેરની બહાર જવું પડ્યું. તેણે પોતાના યુવાન પુત્રને બોલાવીને કહ્યું, "બેટા, હું બહાર જાઉં છું. તું દરરોજ આપણા ખેતરના નાગદેવતાને દૂધ ધરવાનું ચૂકતો નહીં. તેમના આશીર્વાદથી જ આપણી સમૃદ્ધિ છે."

પુત્રએ હા પાડી. બીજા દિવસે તે દૂધ લઈને દર પાસે ગયો. વાસણ મૂકીને પાછો આવ્યો. બીજી સવારે તેને પણ એક સોનાનો સિક્કો મળ્યો.પણ અહીં જ બુદ્ધિ બગડી. યુવાન દીકરાના મનમાં વિચાર આવ્યો, "આ દરમાં તો બીજા પણ ઘણા સોનાના સિક્કા હશે. રોજ એક સિક્કા માટે રાહ કેમ જોવી? કેમ ન હું આ સાપને મારી નાખું અને બધા સોનાના સિક્કા એક સાથે લઈ લઉં? એક જ વારમાં કરોડપતિ!"

લોભે વિવેકને ખાઈ લીધો. તે સાંજે, જ્યારે સાપ દૂધ પીવા બહાર આવ્યો, ત્યારે છોકરાએ પાછળથી લાકડી વડે સાપને જોરથી મારવાનો પ્રયાસ કર્યો. સાપ ઘાયલ થયો, પણ મર્યો નહીં. ગુસ્સે ભરાયેલા સાપે પલટીને છોકરાને ડંખ માર્યો. ઝેર આખા શરીરમાં ફેલાયું અને ક્ષણવારમાં છોકરાનું મૃત્યુ થયું.

જ્યારે બ્રાહ્મણ શહેરેથી પાછો ફર્યો, ત્યારે આખી ઘટનાની જાણ થઈ. ગામ લોકો કહેવા લાગ્યા, "સાપને મારી નાખો." પણ બ્રાહ્મણે સાપને જરાય દોષ આપ્યો નહીં.તે સમજતો હતો કે દોષ સાપનો નહીં, તેના દીકરાના લોભનો હતો.

બીજી સાંજે,તે ફરી સાપના દરમાં ગયો અને ધ્રુજતા હાથે તેને થોડું દૂધ આપ્યું.

ઘાયલ સાપે દરમાંથી ડોકું કાઢી ગુસ્સામાં કહ્યું, "શું તું તારા પુત્રનું મૃત્યુ આટલી જલ્દી ભૂલી ગયો? શું તું અહીં માત્ર સોનાના સિક્કાના લોભને કારણે પાછો આવ્યો છે? તું કહેતો હતો કે તું ખેતરના રક્ષકની પૂજા કરે છે, પણ હકીકતમાં તું રોજ સાચી ભક્તિભાવનાથી નહીં, પરંતુ લોભને વશ થઈને આવતો હતો. તારા મનમાં ભક્તિ ઓછી, ગણતરી વધુ હતી. હવે હું તારો મિત્ર રહી શકું તેમ નથી. તારો દીકરો મરી ગયો તેનો મને અફસોસ છે, પણ વિશ્વાસ એકવાર તૂટે પછી ફરી બંધાતો નથી."

સાપે બ્રાહ્મણને છેલ્લી ભેટ તરીકે એક કિંમતી હીરો આપ્યો અને તેને ફરી ક્યારેય પાછા ન આવવા કહ્યું. સંબંધ પૂરો થઈ ગયો.

ચિંતનઃ આપણે બધા એ બ્રાહ્મણ છીએ પહેલો સિક્કો ભક્તિનો, બીજા સિક્કા લોભનાઃપહેલા દિવસે બ્રાહ્મણે દૂધ ભૂખ્યા બાળકો માટે, ખેતરની સમૃદ્ધિ માટે ભાવથી ચડાવ્યું હતું. તે ભક્તિ હતી. પણ જ્યારે રોજ સોનુ મળવા લાગ્યું, ત્યારે ભાવના બદલાઈ ગઈ. હવે તે દૂધ સોનાની લાલચે ચડાવતો હતો. ભગવાન અને નાગદેવતા ભાવ જુએ છે, વસ્તુ નહીં. જ્યાં ભાવમાં લોભ ભળે છે, ત્યાં આશીર્વાદ બંધ થઈ જાય છે.

આજે આપણે મંદિરમાં જઈએ છીએ, માનતા માનીએ છીએ, પણ મોટાભાગે તે વ્યવહાર હોય છે - "હે ભગવાન, મને આ આપો તો હું તમને આટલા લાડુ ચડાવીશ." આ ભક્તિ નહીં, વેપાર છે. અને વેપારમાં જ્યાં નફો બંધ થાય ત્યાં સંબંધ તૂટે છે.

દીકરો એટલે આપણો અતિ-લોભઃ બ્રાહ્મણનો દીકરો કોણ છે? તે આપણી અંદર રહેલો અતિ-લોભ છે. બ્રાહ્મણને રોજ એક સિક્કો મળતો હતો, તેનાથી તેનું જીવન સારું ચાલતું હતું. પણ મન કહે છે - એકથી શું થાય? બધું જ એક સાથે જોઈએ છે. આ ઉતાવળ, આ "બધું જ અત્યારે જ જોઈએ" વાળી વૃત્તિએ જ દીકરાને માર્યો.

આજના શેરબજારમાં, જુગારમાં, ઝડપથી પૈસા કમાવવાની લ્હાયમાં લોકો પોતાની આખી જિંદગીની કમાણી ગુમાવે છે, તે આ જ દીકરા જેવો લોભ છે. સાપ કોઈને કરડતો નથી, લોભ કરડે છેઃ★ સાપે દીકરાને માર્યો નહીં, દીકરાના લોભે દીકરાને માર્યો. સાપ તો માત્ર નિમિત્ત બન્યો. જીવનમાં પણ કોઈ વ્યક્તિ, કોઈ પરિસ્થિતિ આપણને દુઃખી નથી કરતી, આપણી અપેક્ષા અને લોભ આપણને દુઃખી કરે છે.

વાર્તાના અંતે સાપ હીરો આપે છે. આ હીરો શું છે? આ હીરો એટલે જ્ઞાન. જીવનમાં જ્યારે બધું લૂંટાઈ જાય છે, ત્યારે પણ જો એક શીખ મળે તો તે હીરા કરતાં મોંઘી છે.

સાપ કહે છે - "હવે ફરી પાછો ન આવતો." એટલે કે એકવાર વિશ્વાસ તૂટે, લોભ પ્રગટે, પછી ભગવાન પણ દૂર થઈ જાય છે. ભગવાન ક્યાંય જતો નથી, આપણે જ તેનાથી દૂર થઈ જઈએ છીએ.

બ્રાહ્મણને તે દિવસે સમજાયું કે તે ગરીબ હતો ત્યારે વધુ સુખી હતો, કારણ કે ત્યારે તેની પાસે સંતોષ હતો. ધનવાન થયા પછી સંતોષ ગયો અને લોભ આવ્યો.તેથી શાસ્ત્રોમાં કહ્યું છેઃલોભઃ પાપસ્ય કારણમ્ લોભ એ તમામ પાપોનું મૂળ છે.

સંતોષી નર સદા સુખી આ વાર્તામાં થી આપણે શું શીખવાનું?જે મળે છે તેને પ્રસાદ સમજો.રોજ એકસિક્કો મળે છે તે પણ ભગવાનની કૃપા છે. તેનો આનંદ માણો.દરમાં કેટલું સોનું છે તેની ગણતરી ન કરો.બીજા પાસે કેટલું છે તે જોવાનું બંધ કરો.

ભક્તિને વેપાર ન બનાવો. ભગવાનને પ્રેમ કરો, લાલચથી નહીં.

યાદ રાખો,સોનાના સિક્કા ખૂટીજશે પણ જો વિશ્વાસ અને સંબંધ ટકશે તો જીવનભર સુખ આપશે.જે માણસ સંતોષમાં જીવે છે,તેના માટે દરેક પથ્થર પણ હીરો બની જાય છે અને જે લોભમાં જીવે છે, તેના માટે હીરા પણ પથ્થર બની જાય છે. લોભ છોડો, સંતોષને પકડો - એ જ સાચી દિવાળી છે.

★યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા

કાળી ચૌદશ,બંગાળનો કાળો જાદુ અને કાળા જાદુ પ્રતિબંધક ધારાની માંગઃસત્ય, ભ્રમ અને કાયદો!(સંત સુરા)

પ્રસ્તાવના

ગુજરાતમાં દિવાળી પહેલા બે વાતો ખૂબ ચાલે છે. એક - કાળી ચૌદશ અને બીજી - બંગાળનો કાળો જાદુ. સાથે હવે ત્રીજી વાત જોડાઈ છે - રેશનાલિસ્ટો દ્વારા કાળા જાદુ વિરોધી કાયદાની માંગ!

ભાગ - ૧ઃ કાળી ચૌદશ - કકળાટ કાઢવાનો દિવસ કે ડરાવવાનો?

આસો વદ ચૌદશ. હિંદુ કેલેન્ડરનો સૌથી રહસ્યમય દિવસ. આ દિવસે મહાકાળી, મહાલક્ષ્મીની પૂજા થાય.

લોક માન્યતા એવી છે કે આ રાતે ભૂત, પ્રેત, ડાકણ બહાર નીકળે. એટલે લોકો કકળાટ કાઢે.

પણ ખરું શાસ્ત્ર શું કહે છે?

કાળી ચૌદશનો મૂળ શબ્દ છે - કાલી ચૌદશ. કાલી એટલે કાળને હરનારી. મહાકાળી એટલે સમયને પણ કાબૂમાં રાખનારી શક્તિ. એટલે આ દિવસ ડરવાનો નહીં, ડરને કાઢવાનો છે.

જૂના જમાનામાં દિવાળી પહેલા ઘરની સફાઈ થતી. અનાજ સાફ થતું, કચરો બળતો, હિસાબના ચોપડા બંધ થતા. આ બધાની સાથે મનની સફાઈ પણ થતી. જે ઝઘડા થયા હોય, જે મનદુઃખ હોય તે આ દિવસે પતાવી દેવા. એટલે કકળાટ કાઢવો એટલે ગળું ફાડીને બૂમો પાડવી નહીં, પણ અંદરનો કચરો બહાર કાઢવો.

આજે તેનો અર્થ બદલાઈ ગયો. લોકો મોટા અવાજે થાળી વગાડે, બૂમો પાડે, એવું માને કે ભૂત ભાગી જશે. ભૂત તો ભાગતું નથી, પણ પાડોશી જરૂર જાગી જાય છે.

સાચી રીતે કાળી ચૌદશ કેવી રીતે કરવી?

સાંજે ઘરના મુખ્ય દરવાજે તેલનો દીવો કરો. આ દીવો આખી રાત રાખવો. ઘરમાં ગૂગળ અને લોબાનનો ધૂપ કરો. હનુમાન ચાલીસા કે દેવી અર્ગલા સ્તોત્રનો પાઠ કરો. બીજા દિવસે દિવાળી માટે મનને તૈયાર કરો.

આમાં ક્યાંય કાળો જાદુ નથી. આ શુદ્ધ શક્તિ ઉપાસના છે.

ભાગ - ૨ઃ ચકલે વડા મૂકવા - માન્યતા કે મનોવિજ્ઞાન?

સુરત, વડોદરા, અમદાવાદમાં કાળી ચૌદશની રાતે ચાર રસ્તા પર વડા, પૂરી, લીંબુ, સિંદૂર, કાજળવાળી ઢીંગલી, દારૂની નાની બોટલ પડેલી જોવા મળે છે.

લોકો કહે છે - આ કોઈના નામનું ઉતારેલું છે. જે ઓળંગે તેને લાગી જાય.

શાસ્ત્રમાં આને ચતુષ્પથ બલિ કહે છે. ચાર રસ્તા એટલે ચાર દિશાના રક્ષક મળે તેવી જગ્યા. જૂના જમાનામાં ગામના રક્ષણ માટે ચાર રસ્તા પર ભોગ મૂકાતો, જેથી નકારાત્મક શક્તિ ગામમાં ન આવે. આ રક્ષા માટે હતો, કોઈને મારવા માટે નહીં.

પણ આજે તેનો દુરુપયોગ થાય છે.

એક વ્યક્તિ બીમાર હોય. ભૂવો કહે - તારા પર કોઈએ કરાવ્યું છે, તારું ઉતારીને ચકલે મૂકવું પડશે. ૫૦૦ રૂપિયાના વડા, ૧૦૦૦ રૂપિયાનો ભૂવો અને ડર ૫૦,૦૦૦નો.

બીજો વ્યક્તિ સવારે નોકરીએ જાય, ચકલે આ બધું પડેલું જુએ. તે વિચારે - આ મારા માટે તો નથી ને? તે આખો દિવસ એ જ વિચારે. તેને માથું દુઃખે, કામમાં મન ન લાગે. તેને લાગે કે ખરેખર જાદુ લાગી ગયો. આને મનોવિજ્ઞાનમાં ર્દ્બષ્ઠીર્દ્ધ ઈકકીષ્ઠં કહે છે. તમે નકારાત્મક વિચારો એટલે શરીર નકારાત્મક પ્રતિક્રિયા આપે.

ઉપાય શું? સરળ છે. ચકલે પડેલી કોઈ પણ વસ્તુને અડવું નહીં, લાત મારવી નહીં, થૂંકવું નહીં. સીધા રસ્તે નીકળી જવું. જો મનમાં ડર લાગે તો હનુમાનજીનું નામ લેવું. ગંદકી સફાઈ કામદાર સાફ કરી જશે.

ભાગ - ૩ઃ સ્મશાન, અઘોરી અને મેલી મારણ વિદ્યા - અંધારામાં શું ચાલે છે?

સ્મશાન. જ્યાં બધા જ એક દિવસ જવાના. તંત્ર શાસ્ત્ર કહે છે - સ્મશાન એ સાધના માટે સૌથી પવિત્ર જગ્યા છે. કારણ કે ત્યાં અહંકાર બળે. કોઈ રાજા નથી, કોઈ ગરીબ નથી, બધા રાખ છે. એટલે ત્યાં બેસીને સાધના કરો તો વૈરાગ્ય ઝડપથી આવે.

અઘોરી. જે ઘોર નથી તે અઘોર. જેને કોઈ વસ્તુથી ઘૃણા નથી. તે સ્મશાનમાં બેસે, ધૂનીમાં તપ કરે, શિવની સાધના કરે. તેનો હેતુ મોક્ષ છે.

પણ બજારમાં અઘોરીનો અર્થ બદલાઈ ગયો. લાંબા વાળ, કાળા કપડા, રાખ ચોળેલું શરીર, માંસ, દારૂ. અને દાવો - હું કોઈનું પણ મારણ કરી શકું.

તંત્રમાં ખરેખર ૬ પ્રયોગ કહ્યા છે. તેને ષટ્કર્મ કહે છેઃ

૧. મારણ - કોઈના પ્રાણ લેવાનો પ્રયોગ
૨. મોહન - કોઈને મોહમાં નાખવું
૩. વશીકરણ - કોઈને વશમાં કરવું
૪. સ્તંભન - કોઈની ગતિ રોકવી
૫. ઉચ્ચાટન - કોઈને ઉચાટમાં નાખીને ભગાડવું
૬. વિદ્વેષણ - બે વ્યક્તિમાં ઝઘડો કરાવવો

આ છયે તામસિક પ્રયોગ છે. શાસ્ત્ર પોતે કહે છે - આ પ્રયોગ કરનારનું પોતાનું જ પતન થાય. તેની પોતાની આયુ, તેજ, લક્ષ્મી નાશ પામે. એટલે કોઈ સાચો ગુરુ તેના શિષ્યને આ શીખવતો નથી.

આજે શું થાય છે? કોઈનો ધંધો બગડે, પ્રેમમાં નિષ્ફળતા મળે, જમીનનો ઝઘડો હોય એટલે તે સીધો આવી વ્યક્તિ પાસે જાય. તે કહે - તારા દુશ્મનનો ફોટો, કપડું, વાળ લાવ. હું સ્મશાનમાં હવન કરીને તેને પૂરો કરી દઈશ. ૨૧ દિવસ, ૫૧,૦૦૦ રૂપિયા.

પરિણામ? દુશ્મનને કંઈ થતું નથી, પણ આપનારના પૈસા જાય છે અને કર્મ બંધાય છે.

કોઈ પણ શાસ્ત્રમાં કોઈના ફોટા પર સોય મારીને મારી નાખવાની વિદ્યા નથી. આ બધી ફિલ્મી વાતો છે.

સાચું રક્ષણ શું? ડર છોડો. રોજ સવારે સ્નાન પછી કુળદેવી કે હનુમાનજીને દીવો કરો. કોઈનું ખરાબ ન વિચારો. જે બીજાનું ખરાબ નથી વિચારતો, તેને કોઈનું ખરાબ લાગતું નથી.

ભાગ - ૪ઃ બંગાળનો કાળો જાદુ - તારાપીઠનું સત્ય

બંગાળનું નામ આવે એટલે લોકો ડરી જાય. કારણ કે બંગાળ એ શક્તિ ઉપાસનાનું કેન્દ્ર છે. તારાપીઠ, કામાખ્યા, કાલીઘાટ - ત્યાં તંત્ર સાધના થાય છે.

ત્યાંનું તંત્ર કાળું નથી. ત્યાં બે માર્ગ છે - દક્ષિણાચાર અને વામાચાર. દક્ષિણાચાર એટલે સાત્વિક પૂજા. વામાચાર એટલે પંચમકાર સાથે સાધના. આ બંનેનો હેતુ એક જ - મા કાલી સાથે એક થવું.

પણ કેટલાક લોકોએ તેમાંથી ટોટકા બનાવી દીધા. લીંબુમાં સિંદૂર, રાખમાં મંત્ર, ફોટા પર ક્રિયા.

આના ૩ નામ બજારમાં વેચાય છે - વશીકરણ, મારણ, સ્તંભન.

વાસ્તવિકતા શું? ૮૦% તો માત્ર ઠગાઈ છે. યુટ્યુબ પર જાહેરાત - ૨૪ કલાકમાં વશીકરણ. ૧૧૦૦ રૂપિયામાં પ્રેમ પાછો. આ બધા નંબરો ઠગ ટોળકીના હોય છે.

બાકી ૨૦% શું છે? તે શુદ્ધ મનોવિજ્ઞાન છે. તમે કોઈને કહો કે મેં તારા પર જાદુ કર્યો છે, તો તે વ્યક્તિ દિવસ-રાત એ જ વિચારે. તેને ઊંઘ ન આવે, ભૂખ ન લાગે, કામમાં મન ન લાગે. તે પોતે જ પોતાને બીમાર કરી દે.

એટલે બંગાળમાં જાદુ નથી, માન્યતા વેચાય છે. શ્રદ્ધા હોય તો કોઈ જાદુ લાગતું નથી.

ભાગ - ૫ઃ રેશનાલિસ્ટ માધુભાઈ કાકડિયાની કાળા જાદુ પ્રતિબંધક ધારાની માંગ

હવે સૌથી મહત્વનો મુદ્દો - કાયદો.

ગુજરાતમાં આજે કાળા જાદુનો કોઈ અલગ સ્વતંત્ર કાયદો નથી. પણ તેનો અર્થ એ નથી કે ગુનો થતો નથી. ગુનો થાય છે અને સજા પણ થાય છે, પણ બીજા કાયદા હેઠળ.

આ જ વાતને ધ્યાનમાં રાખીને જાણીતા રેશનાલિસ્ટ, લેખક અને અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યકર શ્રી માધુભાઈ કાકડિયાએ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ અને વડાપ્રધાન કાર્યાલય સુધી લેખિત રજૂઆત કરી છે કે ગુજરાતમાં પણ મહારાષ્ટ્ર અને કર્ણાટકની જેમ સ્વતંત્ર કાળા જાદુ પ્રતિબંધક કાયદો લાવવો.

કોણ છે માધુભાઈ કાકડિયા?
સૌરાષ્ટ્ર અને સુરત વિસ્તારના જાણીતા રેશનાલિસ્ટ. સત્યશોધક સભા, સુરતના સક્રિય કાર્યકર. સત્યશોધક સભા એટલે અંધશ્રદ્ધા નિર્મૂલન અને વિવેકબુદ્ધિવાદનો પ્રચાર કરતી સંસ્થા. તેના સ્થાપક પ્રા. રમણભાઈ પાઠક જેમની ગુજરાતમિત્ર દૈનિકમાં 'રમણભ્રમણ' કટાર ખૂબ લોકપ્રિય હતી. તેમના નામ પરથી જ દર વર્ષે સત્યશોધક સભા દ્વારા સાહિત્ય સંગમ, સુરત સાથે મળીને ૫ દિવસીય વિચાર ગોષ્ઠીમાં "રમણભ્રમણ રેશનાલિસ્ટ એવોર્ડ" અપાય છે. આ એવોર્ડ સુવર્ણ ચંદ્રક, સન્માનપત્ર અને રોકડ પુરસ્કાર સ્વરૂપે અપાય છે. માધુભાઈ કાકડિયાને પણ આ એવોર્ડ મળી ચૂક્યો છે.

તેમની માંગ સ્પષ્ટ છે - શ્રદ્ધા પર પ્રતિબંધ નહીં,
આભાર - નિહારીકા રવિયા છેતરપિંડી પર પ્રતિબંધ જોઈએ.

હાલ કયા કાયદા હેઠળ કાર્યવાહી થાય છે?

૧. મહારાષ્ટ્ર નરબલી અને અન્ય અમાનવીય, અનિષ્ટ અને અઘોરી પ્રથા નિવારણ અધિનિયમ - ૨૦૧૩
આ દેશનો સૌથી કડક અને સ્પષ્ટ કાયદો છે. મહારાષ્ટ્રમાં લાગુ છે, પણ ગુજરાત પોલીસ પણ તેને દાખલા તરીકે ટાંકે છે. તેમાં ૧૨ મુખ્ય ગુના ગણાવ્યા છે જે કાળા જાદુમાં આવેઃ
ભૂત કાઢવાના નામે માર મારવો, ગરમ ચૂડથી ડામવું, જાદુથી બીમારી મટાડવાનો દાવો, નરબલી આપવી કે પ્રયાસ કરવો, કોઈને ડાકણ કહીને તેના વાળ કાપવા, તેને મળ-મૂત્ર પીવડાવવું, ગામમાંથી કાઢી મૂકવું, પૈસા ડબલ કરવાનો ચમત્કાર બતાવવો.
સજા - ૬ મહિનાથી ૭ વર્ષ સુધી કેદ અને ૫ હજારથી ૫૦ હજાર સુધી દંડ.
આ કાયદો બિનજામીનપાત્ર છે.
કર્ણાટકમાં પણ ૨૦૧૭થી આ જ પ્રકારનો કાયદો છે. ગુજરાતમાં હજુ આવો સ્વતંત્ર કાયદો નથી.

૨. ઔષધિ અને જાદુઈ ઉપચાર (વાંધાજનક જાહેરાત) અધિનિયમ - ૧૯૫૪
કેન્દ્ર સરકારનો કાયદો. આ હેઠળ જાદુ, તાવીજ, મંત્ર, યંત્રથી બીમારી મટાડવી, સંતાન આપવું, નોકરી અપાવવી, ધનવાન બનાવવો એવો દાવો કરવો ગુનો છે.
સજા - પહેલી વખત ૬ મહિના સુધી જેલ, બીજી વખત ૧ વર્ષ સુધી જેલ.

૩. ભારતીય ન્યાય સંહિતા (ખ્રજી) - ૧ જુલાઈ ૨૦૨૪થી લાગુ
- કલમ ૩૧૯ - છેતરપિંડીઃ કાળા જાદુથી પૈસા પડાવવા - ૩ વર્ષ સુધી જેલ
- કલમ ૩૫૧ - ધાકધમકીઃ ભૂત-પ્રેતનો ડર બતાવી ધમકાવવું - ૨ થી ૭ વર્ષ જેલ
- કલમ ૧૦૩ અને ૧૦૯ - હત્યા અને હત્યાનો પ્રયાસઃ નરબલી કે મેલી વિદ્યાના નામે હત્યા - આજીવન કેદ કે ફાંસી
- કલમ ૯૮ - બાળકોનો બલી માટે ઉપયોગ - ૧૦ વર્ષથી આજીવન કેદ

૪. ફરિયાદ કેવી રીતે કરવી?
જો તમારી સાથે કે તમારા ગામમાં આવો કોઈ બનાવ બને તોઃ
૧. સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપો.
૨. ૧૦૦ અથવા ૧૧૨ પર કોલ કરો.
૩. જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિને જાણ કરો.
૪. જો પોલીસ ન સાંભળે તો જીઁ કે કલેક્ટરને અરજી કરો.

યાદ રાખો - પૂજા-પાઠ કરવો, વ્રત કરવું, ભજન કરવું એ ગુનો નથી. આ શ્રદ્ધા છે. પણ શ્રદ્ધાના નામે કોઈને ડરાવવું, મારવું, લૂંટવું, તેની આબરૂ લેવી એ ગંભીર ગુનો છે.

એટલે કાળી ચૌદશને દીવાથી ઉજવો, ડરથી નહીં. બંગાળના જાદુને જ્ઞાનથી સમજો, ભ્રમથી નહીં. અને કાયદાને સાથ આપો!અભ્યાસ લેખ અને સિદ્ધહસ્ત અનુભવ!
લેખક સુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO: 345
વિષય: પ્રગતિની આડમાં પ્રકૃત્તિનું પતન
શીર્ષકઃ પ્રકૃત્તિ
પ્રકારઃપદ્ય શબ્દોઃ૧૫૦

પ્રગતિ પ્રગતિ કહેવાય છે, મોટા બંગલા બંધાય છે,
ઝાડ કપાય છે, પંખી ઉડી જાય છે, માણસ હરખાય છે.

પહેલા આંગણામાં વડલો હતો, આજે ત્યાં ટાવર છે.
પહેલા ચકલીનો માળો હતો, આજે છઝનું આઉટડોર છે.

રસ્તા પહોળા થઈ ગયા, પણ શ્વાસ સાંકડા થઈ ગયા,
નદીના પાણી કાળા થયા, આપણા મન મેલા થઈ ગયા.

પહાડો ખોદી નાખ્યા, જંગલ બાળી નાખ્યા,
અને પછી કહીએ છીએ, વરસાદ કેમ નથી આવતા?

પ્રકૃતિ આપે છે બધું, આપણે લૂંટી લઈએ છીએ,
એની ગોદમાં જ રહીને, એની ગોદને જ ઉજાડીએ છીએ.

ચાંદ પર પગ મૂક્યો, અભિમાન થઈ ગયું,
પણ પગ નીચેની ધરતી, એ તો ભૂલી જ ગયું.

હજુ પણ સમય છે, જાગી જા હે માનવ,
એક ઝાડ વાવ, એક જીવ બચાવ, તો જ સાચી પ્રગતિ કહેવાય.

નહીંતર પ્રગતિના નામે, વિનાશ જ વાવશું,
આવતી પેઢી માટે, આપણે રણ જ મૂકી જાશું.

હંસા ઝાલા "લાગણી"(સુરત)
★★★★★★★
NOGSS : 106
વિષય : પ્રગતિ ની યાદમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : કાલ સવારે શું થાશે ?
પ્રકાર:પદ્ય શબ્દો:૧૫૧

આધુનિકતા નો આંચળો ઓઢી!
વડ જંગલના ઓથે બેસી, પંખી સૌ
ટહૂકાર કરે! દૂર દૂર ક્ષતિજે,
લાલઘૂમ!ડૂબતો સૂરજ,મારી આંખે
રડમસ લાગે! ઓ પંખીડાં!
સુખથી રહેજો,કાલ સવારે શું થાશે?
આનંદે કિલકાર કરી લો,ખુલ્લે આકાશ
ઊડી ઊડીને, સાંજે માળા ભેગાં થાવું!
ચાંચ ખોલીને બેઠાં બચ્ચાં.પેટભરી ખવરાવી દો.
કાલ સવારે શું થાશે?
ઓ! પંખીડાં ! સુખથી રહેજો,
આધુનિકતાનો આંચળો ઓઢી,
ખટારો ફરશે!ક્યાં કોને કેમ કચરી જાશે?
જોને પે'લું..!
નાનકડું ઘર,જેમાં,ચકલી ચીંચી કરતી,
માળો બાંધતી!
આજે એ પર બુલડોઝર ફરી ગ્યો!
ચકલી મારી ક્યાં ખોવાણી!
ચકી ચકો શું ચણ લેવા ગ્યાં?
મગનો દાણો/ચોખાનો દાણો?
છાબડીમાંથીમગ છલકાણા!
સુપડાંમાંથી એ ઢોળાણા!
દડબડ કરતાં મગ ઢોળાણા! રડતા,
બબડતા અને બોલતા..
કાલ સવારે! સવારે શું થાશે?
ઓ પંખીડાં! સુખથી રહેજો,
આનંદે કિલકાર કરી લો!

મુકિતદા કુમાર "મનચલલી"
★★★★★★★
NOG SS NO:169
વિષય : પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન
શીર્ષક : પ્રગતિ છે કે પતન?
પ્રકાર : પદ્ય
શબ્દો :૧૦૧

શીદને તું જીદે ચઢ્યો માનવ આજે,
પ્રગતિની આડમાં પ્રકૃતિનું પતન કેમ?

જુઓ ગામડાં આજે નોંધારા થયાં,
સૌ કોઈ ભાગે શહેર તરફ જેમતેમ.

હરિયાળી પ્રકૃતિ ઉજાડી તમે જાતે,
ડામરનાં રોડ વ્હાલાં કેમ લાગે તને?

પ્રગતિનાં નામે વૃક્ષ કેરું છેદન કર્યું તેં,
શ્વાસ માટે પછી આજે તું વલખે કેમ.

ફોટા પડાવવા વૃક્ષ વાવ્યાં બતાવ્યા,
જતન તેં એનું કર્યું નહિં, એમ કેમ?

જઈને બેઠો તું ગગનચુંબી ઈમારતે,
વિચાર તો ખરો, પ્રગતિ છે કે પતન?

મીઠો કલરવ હવે ગોત્યો જડે નહિં,
આધુનિકતાની દોડમાં સર્વે ખોયું તેં.

લતાબેન ચૌહાણ 'સોનાવેલ'(ગોધરા)
★★★★★★★
NOG SS NO - 191
વિષય : પ્રગતિ ની આડમાં પ્રકૃતિ નું પતન.
શીર્ષક : અરણ્ય કરે છે રુદન..
પ્રકાર-પદ્ય શબ્દો :૧૪૧
જુવો ને આ અરણ્ય કેવું કરે છે રક્તભીનું રુદન,
એક પછી એક ઉપવનોનું નીકળી રહ્યું છે નિકંદન,

બોલો કોને કહેવુ,કોની આગળ જઈને કરવું ક્રંદન,
જોઈ રહ્યા છે લાચાર વૃક્ષો માનવી નું નગ્ન નર્તન.

વિકાસની લ્હાયમાં કેવો વિકૃત થયો છે આ માનવ,
પ્રગતિના પાપે થઈ રહ્યું છે પ્રકૃતિ નું અહીંયા પતન.

પર્ણે પર્ણે પ્રજળી રહી છે અહીં આકાંક્ષાની અગન,
થાય છે સરેઆમ વન્યજીવો નું જીવતા જીવ દહન.

નદી પહાડો ને પર્વતો નું આ ખૂનીઓ કરે છે ખનન,
ધરબાઈ રહ્યા છે ધરતીની છાતીમાં વિસ્ફોટક કંપન.

ભુ માફિયા ને ચંદન ચોર નો વર્તી રહ્યો છે હાહાકાર,
કુદરતના કરિશ્મા નું થઈ રહ્યું છે ચારે કોર થી હનન.

કહેર એવો વર્તાવ્યો કે વનવાસી છોડી રહ્યા છે વન,
ચોકીદાર જ ચોર નીકળ્યા, ઉજાડી રહ્યા છે કાનન.

મિત્ર કોણ બચાવે જંગલ, કોણ બચાવે પ્રકૃતિનું દમન,
પર્યાવરણ નહી બચે તો સમગ્ર સૃષ્ટિ થઈ જશે ખતમ.

વિનોદ સોલંકી મિત્ર લખતર.
★★★★★★★
NOG SS NO : 408
વિષય : પ્રગતિના આડમાં પ્રકૃતિનું ?પતન
શીર્ષકઃ પ્રકૃતિનો ઉપકાર સાચવીએ...
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૭૯

નવી શોધોના સંગાથે, ધરતીનો શણગાર સાચવીએ,
પ્રગતિના પંથ પર ચાલી, પ્રકૃતિનો ઉપકાર સાચવીએ.

આભને આંબવાની ઈચ્છા, ભલેને મનમાં જગાવીએ,
તોયે ધરતીના ખોળાનો, હરિયાળો સંસાર સાચવીએ.

વિજ્ઞાનના અજવાળાથી, અંધકાર સૌ દૂર કરીએ,
પણ વૃક્ષોના શ્વાસનો, અમૂલ્ય ભંડાર સાચવીએ.

નદી-સરોવર-સાગરનું, અસ્તિત્વ ના ભૂલીએ,
જીવમાત્રના જીવનનો,? કુદરતી અધિકાર સાચવીએ.

ઊંચા મકાનો બાંધીએ, વિકાસના શિખરો સર કરીએ,
છતાં વન્યજીવોના ઘરનો, કુદરતી વિસ્તાર સાચવીએ.

"નવીન" વિકાસના નામે, ક્યાંક વિનાશ ના નોતરીએ,
નવી પેઢી માટે ધરતીનો હરિયાળો વારસો સાચવીએ.

અરજણભાઈ એસ. પરમાર "નવીન"
કોડવાવ (જૂનાગઢ)

ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ એરોબેટિક ટીમે ભાવનગરમાં બોરતળાવ(ગૌરીશંકરતળાવ) ખાતે અદ્ભૂત એરશો સફળતાપૂર્વક સંપન્ન કર્યો

રવિવાર, ૦૧ નવેમ્બર ૨૦૨૬

ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક ટીમે આજે વહેલી સવારે ભાવનગરના બોર તળાવ (ગૌરીશંકર તળાવ) ખાતે એક શાનદાર એર શોનું પ્રદર્શન સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. શહેરમાં પહેલી વખત યોજવામાં આવેલા આ પ્રકારના પ્રથમ પ્રદર્શનમાં ભારતીય વાયુસેનાની સચોટ ઉડાન, સંકલન અને પ્રોફેશનલિઝમના ઉચ્ચતમ ધોરણો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

સૂર્યકિરણ ટીમના નવ લાલ અને સફેદ રંગના હોક સ-૧૩૨ વિમાનોએ શ્રેણીબદ્ધ જટિલ એરોબેટિક કવાયતો કરી હતી,જેમાંક્લોઝફોર્મેશનફ્લાઇંગ, વિંગટિપ-ટુ-વિંગટિપ સિક્વન્સ, લૂપ્સ રોલ્સ, ઈન્વર્ટેડ ફ્લાઇંગ અને અન્ય મુશ્કેલ રૂટીન ઉડાનો સામેલ કરવામાં આવી હતી. વિમાનોએ આકાશમાં પોતાના માર્ગમાં કેસરી, સફેદ અને લીલા રંગના વિશિષ્ટ ધુમાડાના પટ્ટા દોરીને,ભાવનગરના આકાશને રાષ્ટ્રધ્વજના રંગોમાં રંગી દીધું હતું. આપ્રદર્શન લગભગ ૩૦ થી ૪૦ મિનિટ સુધી ચાલ્યું હતું અને બોરતળાવના કાંઠે તેમજ શહેરના વિવિધસ્થળોએથી મોટી સંખ્યામાં લોકોએ તેને નિહાળ્યું હતું.

સૂર્યકિરણ એરોબિકટીમની સ્થાપના ૧૯૯૬માં કરવામાં આવી હતી અને તે એશિયાની એકમાત્રનવ વિમાનોના એરોબેટિક ફોર્મેશન તરીકે માન્યતા પ્રાપ્ત છે. આ ટીમે ફરી એકવાર બતાવ્યું હતું કે, તેને ભારતીય વાયુસેનાના એમ્બેસેડર્સ તરીકે શા માટે ગણવામાં આવે છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા લાઇસન્સ હેઠળ ઉત્પાદિત ફ્લાઇંગ હોક સ-૧૩૨ વિમાન સાથે, ટીમે ભારત અને વિદેશમાં ૮૦૦થી વધુ પ્રદર્શનો પૂર્ણ કર્યા છે. તેમનું સૂત્ર, " સદૈવ સર્વોત્તમ એટલે કે" હંમેશા શ્રેષ્ઠ× આજના ચૂકરહિત પ્રદર્શનમાં સંપૂર્ણપણે પ્રતિબિંબિત થયું હતું.

ગ્રૂપ કેપ્ટન અજય દસરથી આ ટીમનું નેતૃત્વ કરે છે, જેમાં વિંગ કમાન્ડર તેજેશ્વરસિંહ ફ્લાઇટ કમાન્ડર તરીકે સેવા આપી રહ્યા છે. ૧૩ પાઇલટ્સ અને સહાયક ટેકનિકલ અને ઓપરેશનલ કર્મચારીઓ વચ્ચેનું નિર્બાધ સંકલન સ્ક્વોડ્રનને વ્યાખ્યાયિત કરતી સઘન તાલીમ, પરસ્પર વિશ્વાસ અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને રેખાંકિત કરે છે.હવાઈ પ્રદર્શન ઉપરાંત, સંખ્યાબંધ પૂરક પ્રવૃત્તિઓ સામેલ કરવામાં આવી હોવાથી કાર્યક્રમના જનસંપર્કમાં વધારો થયો હતો. ભારતીય વાયુસેના દ્વારા ઉભા કરવામાં આવેલા એક મોટિવેશનલ સ્ટોલમાં કારકિર્દીની તકો, પસંદગીની પ્રક્રિયાઓ અને સૈન્ય સેવામાં જીવન વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવા ઉમેદવારોને પ્રેરિત કરવામાં આવ્યા. એર સિમ્યુલેટર સુવિધાએ મુલાકાતીઓને એરક્રાફ્ટ નિયંત્રણો અને ઉડ્ડયન પ્રક્રિયાઓનો વાસ્તવિક અનુભવ આપ્યો, જેણે તમામ વય જૂથના સહભાગીઓમાં નોંધપાત્ર ઉત્સાહ જગાવ્યો હતો. હેડક્વાર્ટર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર ફોર્સ બેન્ડે માર્શલ ટ્યૂન, દેશભક્તિની ધૂન અને પ્રાસંગિક કોમ્પોઝિશન દર્શાવતું એક ઉત્સાહપૂર્ણ સંગીતમય પ્રદર્શન રજૂ કર્યું હતું, જેનાથી આખા દિવસની કાર્યવાહીમાં ગૌરવપૂર્ણ અને ઉત્તેજક પરિમાણ ઉમેરાયું છે તેમજ સશસ્ત્ર દળો અને ભાવનગરના નાગરિકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવ્યા છે.

આ કાર્યક્રમ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને ભાવનગર જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત નેજા હેઠળ યોજવામાં આવ્યો હતો. તમામ નાગરિકો માટે વિનામૂલ્યે પ્રવેશ હતો. દર્શકો તળાવની આસપાસના નિર્ધારિત વિસ્તારોમાંથીઅને શહેરના ઊંચા સ્થળોએથી સુરક્ષિત રીતે આપ્રદર્શન નિહાળી શક્યા હતા.



એર શોમાં મુખ્ય અતિથિ તરીકે ભારત સરકારના કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના આદરણીય રાજ્ય મંત્રી શ્રીમતીએ. નિમુબેન બાંભણીયાની ગરીમાપૂર્ણ ઉપસ્થિતિહતી.

વિશેષ અતિથિઓમાં એર વાઇસ માર્શલ જી.એસ. ભુલ્લર સિનિયર ઓફિસર એડમિનિસ્ટ્રેશન, હેડક્વાર્ટર સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ, ગાંધીનગર તેમજ ગુજરાત સરકારના વરિષ્ઠ મંત્રીઓ અને પ્રદેશના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક નાગરિક અગ્રણીઓની સાથે તેમની હાજરી, ભારતીય વાયુસેના અને ગુજરાતના લોકો વચ્ચેની મજબૂત સહભાગીતાપર પ્રકાશ પાડતી હતી.

ભારતીયવાયુસેનાએતેની એરોબેટિક ટીમના કૌશલ્ય શિસ્ત અને પ્રોફેશનલિઝમને સીધા જલોકો સમક્ષ લાવવાની તેની લાંબા સમયથી ચાલતી પરંપરા યથાવત્ રાખી છે. ભાવનગરમાં આજે યોજાયેલું સફળ પ્રદર્શન, પ્રેરક, અનુભવપૂર્ણ અને સંગીતમય હતું જેણે પ્રેરણાદાયી ભવ્યતા પ્રદાન કરવાની સાથે-સાથે સશસ્ત્ર દળો અને નાગરિકો વચ્ચેના બંધનને મજબૂત કરવાનું કામ પણ કર્યું છે, તેમજ યુવા પેઢીને રાષ્ટ્રના સૈન્ય દળોમાં કારકિર્દીના વિકલ્પનો વિચારકરવામાટેપ્રેરિતકર્યા છે.

~~ભારતીયવાયુસેનાએઆકાર્યક્રમના~~ સુચારુ સંચાલનબદલજિલ્લા વહીવટીતંત્ર, મ્યુનિસિપલસત્તાધીશો, પોલીસ વિભાગ અને તમામ સહાયક એજન્સીઓનો તથા ભાવનગરના લોકોના ઉત્સાહપૂર્ણ સહભાગીતા અને ઉષ્માભર્યા સ્વાગત બદલ આભાર વ્યક્ત કર્યો છે.


ખંડેલવાલ વૈશ્ય સમાજની ૧૧મી બ્રજચૌરાસી કોસ વાહન યાત્રા સાત દિવસની યાત્રા પછી હવન (અગ્નિ યજ્ઞ) અને પૂર્ણાહુતિ (સંપૂર્ણ અર્પણ) સાથે પૂર્ણ થાય છે

કમન/ગોવર્ધન ભરતપુર-દીગ જિલ્લાના ખંડેલવાલ વૈશ્ય સમાજના નેજા હેઠળ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ શરૂ થયેલી સાત દિવસીય ૧૧મી બ્રજચૌરાસી કોસ વાહન યાત્રા બુધવારે ગોવર્ધનના પ્રેમ સેવા સંસ્થાનમાં ઔપચારિક રીતે પૂર્ણ થઈ.પ્રેમ સેવા સંસ્થાન પરિસરમાં સવારે હવન (અગ્નિ યજ્ઞ)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમુદાયના સભ્યો સાથે તમામ યાત્રાળુઓએ પૂર્ણાહુતિ (સંપૂર્ણ અર્પણ) અર્પણ કરી હતી. પૂર્ણાહુતિ (સંપૂર્ણ અર્પણ) પછી, યાત્રા ભોજન સાથે પૂર્ણ થઈ હતી.

યાત્રાના સંયોજક નેમચંદ ખંડેલવાલે જણાવ્યું હતું કે આ સાત દિવસની યાત્રા દરમિયાન અનુભવાયેલ આનંદ અન્ય કોઈપણ યાત્રામાં અજોડ હતો. દરરોજ, વાહનો દ્વારા બ્રજચૌરાસી કોસ પરિક્રમા રૂટ પરના તમામ મુખ્ય મંદિરોના ભવ્ય દર્શન કરવામાં આવ્યા હતા. યાત્રાળુઓને યાત્રા દરમિયાન કોઈ અસુવિધાનો સામનો કરવો પડ્યો ન હતો. દેશના ખૂણે ખૂણેથી આવેલા તમામ ૨૧૦ યાત્રાળુઓએ આયોજન સમિતિનો આભાર માન્યો હતો.આ પ્રસંગે, યાત્રાને ટેકો આપનારા તમામ સમુદાયના સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આયોજન સમિતિએ પ્રસાદનું વિતરણ કર્યું અને બધાને વિદાય આપી.સમાપન સમારોહમાં ભરતપુર-દેગ જિલ્લા પ્રમુખ શ્યામ તમોલિયા, ભરતપુર-ડીગ જિલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી શિપ્રા ખંડેલવાલ, નેમચંદ, હર પ્રસાદ નતાની (યાત્રા સંયોજક), બ્રજેશ સિંગોટીયા, શંભુ દયાલ આકડ, પિંકી તમોલીયા, રામકિશોર પીતાલીયા, ગોવિંદ તમોલીયા, પીંકી તમોલીયા, નૌકાદરીયા, નૌકાદરીયા વગેરે હાજર રહ્યા હતા. સોનખિયા, રાકેશ ચૌધરી, મુકેશ દનાદન (કમાન), કુસુમ રાવત, ભરતપુર-ડીગ યુવા જિલ્લા પ્રમુખ નિખિલ ખંડેલવાલ, અંકુર ખંડેલવાલ એડવોકેટ, પિંકી ખંડેલવાલ (ભરતપુર), ઓમપ્રકાશ સિતારે વાલે, સંદીપ ગાંધી, કૈલાશ નટણી (પ્રમુખ, સુરેખા ખંડેલવાલ, ડીગ્રી ખંડેલવાલ) મુસદ્દીલાલ, ઘનશ્યામ તાંબી (મંત્રી) ભરતપુર, ગોવિંદ ખંડેલવાલ જનુથર અને સમાજના અન્ય ઘણા મહાનુભાવો.

અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના પ્રમુખ રમેશચંદ્ર ખંડેલવાલ (તુંગા વાળા), અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના મુખ્ય કાર્યકારી પ્રમુખ સંજીવ જી કટ્ટા, અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના વડા પ્રધાન ચંદ્ર પ્રકાશ ખંડેલવાલ, અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના મુખ્ય સંપાદક અને રાષ્ટ્રીય મીડિયા સ્પેશિયલ સ્પેશિયલ સ્પેશિયલ પ્રેસિડેન્ટ નીરવેશ ખંડેલવાલ. અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના પ્રભારી, પ્રોફેસર રમેશ કુમાર રાવત, અખિલ ભારતીય ખંડેલવાલ વૈશ્ય મહાસભાના રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, છત્તીસગઢ, ઝારખંડ, આસામ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ સહિત અનેક રાજ્યોના અને કોલકાતા સહિત દેશના અનેક મુખ્ય હોદ્દેદારો, આજીવન સભ્યો, મોટા શહેરોના ભૂતપૂર્વ હોદ્દેદારો હાજર રહ્યા હતા. દિલ્હી, અમદાવાદ, હૈદરાબાદ, રતલામ, મુંબઈ, રાજનાંદગાંવએ ખુશી વ્યક્ત કરી તમામ યાત્રિકોને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદમાં 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૭મી આવૃત્તિનું આયોજન; ૫૦૦થી વધુ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો



અમદાવાદ, ૧ નવેમ્બર ૨૦૨૬: ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછૈં), પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર દ્વારા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને સ્રૂ મ્રક્ટ્ઠિંના સહયોગથી ૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે 'ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ'ની ૯૭મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ રાષ્ટ્રીય એકતા, શારીરિક તંદુરસ્તી, શિસ્ત અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.આ કાર્યક્રમમાં ૫૦૦થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગુજરાતની વિવિધ દ્બઝ્ર બટાલિયનો અને એકમોના કેડેટ્સ તથા જવાનો, સાઇકલિંગના શોખીનો અને નાગરિકો સામેલ થયા હતા. આ પહેલ દ્વારા સક્રિય જીવનશૈલી અપનાવવા, સામૂહિક સહભાગિતાને પ્રોત્સાહન આપવા અને સ્વસ્થ તથા સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં દરેક નાગરિકની જવાબદારીને ઉજાગર કરવામાં આવી હતી.

આ પ્રસંગે સુશ્રી સાહિલા સૈન્સન, સહાયક નિયામક, જીછૈં પ્રાદેશિક કેન્દ્ર ગાંધીનગર ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ૩૭ ગુજરાત બટાલિયન દ્બઝ્ર, ૧ ગુજરાત આર્ટિલરી બેટરી દ્બઝ્ર, ૯ ગુજરાત બટાલિયન દ્બઝ્ર, ૨ ઝ્રઝ, ૧ નેવલ દ્બઝ્ર, ૨ એર સ્ક્વોડ્રન દ્બઝ્ર, ૧ ગુજરાત ગર્લ્સ બટાલિયન દ્બઝ્ર, ૧ ગુજરાત બોયઝ બટાલિયન દ્બઝ્ર, ૨ ગુજરાત કંપની ગાંધીનગર તથા ૨ ઈન્ડિપેન્ડન્ટ દ્બઝ્ર ગાંધીનગરના કેડેટ્સ અને જવાનોએ સક્રિય ભાગ લીધો હતો. તેમની સહભાગિતાએ દેશભક્તિ, શિસ્ત, ટીમવર્ક અને રાષ્ટ્રીય એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી.કાર્યક્રમ દરમિયાન વિવિધ દ્બઝ્ર એકમોના અધિકારીઓ અને જવાનોને તેમની સક્રિય ભાગીદારી અને યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. સન્માનિત થનારાઓમાં ૩૭ ગુજરાત બટાલિયન દ્બઝ્ર ના સુબેદાર ઈન્દ્રજીત; ૧ ગુજરાત દ્બઝ્ર આર્ટિલરીના નાયબ સુબેદાર અશોક ચવ્હાણ અને સુબેદાર કુલદીપ; ૧ ગુજરાત ગર્લ્સ બટાલિયન દ્બઝ્ર ના સુબેદાર મોટુપ, હવાલદાર રઘુભાઈ અને નાયક રંજનેશ કુમાર; ૯ ગુજરાત બટાલિયન દ્બઝ્ર ના હવાલદાર બિરેન્દ્ર સિંહ; ૧ નેવલ દ્બઝ્ર ના શિશુપાલ સિંહ; ૧ ગુજરાત ઝ્રઝ ના એમ. બી. રાવ; ૧ ગુજરાત બટાલિયન દ્બઝ્ર ના હવાલદાર મોહન સિંહ અને હવાલદાર અકરમ; તેમજ ૨ ઈન્ડિપેન્ડન્ટ દ્બઝ્ર ગાંધીનગરના હવાલદાર જયેશ કુમાર, નિકિતા (ચ્છછ) અને હવાલદાર વિપુલનો સમાવેશ થાય છે. આ સન્માન દ્વારા ફિટનેસ, શિસ્ત, રાષ્ટ્રીય એકતા અને સામાજિક સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત ઉત્સાહભર્યા ઝુમ્બા સેશનથી કરવામાં આવી હતી. ત્યારબાદ ચેસ, ફૂસબોલ, લુડો, બેડમિન્ટન, વોલીબોલ સહિતની વિવિધ મનોરંજક અને રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓ દ્વારા સહભાગીઓને ફિટનેસની સાથે મનોરંજન, પરસ્પર સંવાદ અને સામૂહિક સહભાગિતાનો અવસર મળ્યો હતો.ફિટ ઈન્ડિયા મૂવમેન્ટની સતત પહેલના ભાગરૂપે કાર્યક્રમ સ્થળે વિશેષ 'ફિટ ઈન્ડિયા ગેમ્સ ઝોન' પણ બનાવવામાં આવ્યો હતો, જ્યાં સહભાગીઓએ પરંપરાગત ભારતીય રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પહેલનો ઉદ્દેશ લોકોને ભારતની સમૃદ્ધ રમતગમતની વિરાસત સાથે ફરીથી જોડવાનો તેમજ શારીરિક સક્રિયતા, ટીમવર્ક, સંકલન અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો.કાર્યક્રમ દરમિયાન મ્ૈંઝ્રજી સસ્ટેનેબલ લાઈફસ્ટાઈલ પ્રિસ્ક્રિપ્શન અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી હતી. તેમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી, ઊર્જાની બચત કરવી, સ્થાનિક અને ટકાઉ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું, કચરો ઘટાડવો અને જવાબદારીપૂર્વક રિસાયક્લિંગ કરવું જેવા સંદેશાઓ આપવામાં આવ્યા હતા.સાઇકલિંગ, મનોરંજક રમતો, પરંપરાગત ભારતીય રમતો, દ્બઝ્રની સહભાગિતા અને પર્યાવરણ જાગૃતિને એક મંચ પર લાવીને આ કાર્યક્રમ દ્વારા સ્વસ્થ, સ્વચ્છ અને ટકાઉ ભારતના નિર્માણમાં વ્યક્તિગત તથા સામૂહિક પ્રયાસોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના લોકપ્રિય સંદેશ ★"ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ"★ને પુનરાવર્તિત કરવામાં આવ્યો હતો અને નાગરિકોને દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ શારીરિક પ્રવૃત્તિ માટે ફાળવવા તથા ફિટનેસને પોતાની દૈનિક જીવનશૈલીનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા અને સામૂહિક પ્રયાસના આદર્શોથી પ્રેરિત આ કાર્યક્રમ દ્વારા ફિટનેસ, પર્યાવરણ જાગૃતિ અને જવાબદાર નાગરિકત્વના મહત્વને ઉજાગર કરવામાં આવ્યું હતું.

ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ વિશે

કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા ડિસેમ્બર ૨૦૨૪માં શરૂ કરવામાં આવેલી ફિટ ઈન્ડિયા – સન્ડેઝ ઑન સાયકલ પહેલનું આયોજન યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય (સ્રૂછજી) હેઠળ ભારતીય રમતગમત પ્રાધિકરણ (જીછૈં) દ્વારા કરવામાં આવે છે. આ પહેલમાં સાઇકલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા (ઝહ્વૈં), નવવ્રતિ ફાઉન્ડેશન, ફિટસ્પાયર, સેન્ટર ફોર ઈન્ટિગ્રેટિવ હેલ્થ, સ્રૂ મ્રક્ટ્ઠિંં અને અન્ય ભાગીદાર સંસ્થાઓ સહયોગ આપે છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધાંધલપુર, મોરડુંગરા તથા વાધજીપુરનો ૫૧મો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાયો



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં શહેરા, ગોધરા, મોરવાહડફ તાલુકામાં યોજાયેલ પંચમ દિવસીય કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણ મંદિર જેવા કે ધાંધલપુર, મોરડુંગરા અને વાધજીપુર ખાતેના મંદિરોમાં પાટોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ, શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજી બાપાશ્રીની વાતોની પારાયણ, મહાપૂજા, અન્નકૂટ, આરતી વિગેરે આધ્યાત્મિક સભર કાર્યક્રમો યોજાયા હતા.ભારત એકતા દિવસે અખંડ ભારતના શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧ મી જયંતિએ પ્રેમાંજલી અર્પણ કરવામાં આવી હતી. પર્યાવરણ રક્ષણ માટે વૃક્ષોના જતન કરવા માટે હિમાયત કરવામાં આવી હતી. ઋતુઓના પરિવર્તનના કારણે જગતનો તાત એવા ખેડુતભાઈઓ પણ પરેશાન હોય તેમજ કુદરતી પ્રકોપનો ભોગ બનેલાઓ માટે હિંમત અર્થે શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરી હતી અને પ્રાર્થના એ એક અકસીર ઉપાય છે.

પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, સાત્વિક સત્સંગ અને સંસ્કારથી માનવતાની મહેક મનુષ્યના જીવનને મહેંકતી કરે છે. જેમ કે રક્ષીશું જળ, જમીન અને જંગલ તો મનુષ્ય જીવન રહેશે સદા મંગલ. વહેમ, વ્યસન અને વેરઝેરથી દૂર રહી પરિવારમાં સાત્વિક કારણ સત્સંગથી સુવાસ સદૈવ પ્રસરતી રહે તે માટે હાકલ કરી હતી તેમ મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીએ જણાવ્યું હતું.



દિવાળીમાં માટીના કોડિયાનું ખુબજ મહત્વ હોય છે આ દિવસોમાં કુંભારને ત્યાં સાદા કોડિયાથી લઈને અવનવી ડિઝાઈનવાલા કોડિયા મળતા હોય છે ને હવે તો બજારમાં પણ આ પ્રકારના કોડિયા મળતા હોય છે. આજે પણ હજુ કુંભાર માટીના કોડિયા મુકવા કેટલીક સોસાયટી, મહોલ્લા કે શેરીમાં ઘેર ઘેર આવતા જોવા મળે છે. તમને જેટલાં કોડિયા જોઈએ તેટલા પૂછીને મૂકે છે. આમ તેના કારણે તેમને રોજી રોટી મળી રહે છે. વર્ષમાં એકાદવાર તેઓ આવતા હોય છે. આજે બજાર કે અન્ય સ્થળે માટીના કે અન્ય વિવિધ જાતના કોડિયા મળે છે પણ ફૂટપાથ પર અથવા લારી માંથી ચીજ વસ્તુઓ ખરીદવાનો આગ્રહ રાખજો કેમકે તેઓ પણ દિવાળી નો તહેવાર આપણી માફક ઉજવી શકે.... તો જ સાર્થક ગણાશે કે કોઈ ગરીબના ઘરમાં તમે અજવાળું કરી શકશો તો ઉપરવાળો રાજી થશે. દિવાળીમાં દીપ પ્રાગટ્યનું ખૂબ જ મહત્વ હોય છે અંધકારને દૂર કરી દિવાળી પ્રકાશ ફેલાવે છે લોકોના જીવનમાં અંધકાર દૂર કરતા દીવડા અનેક લોકોના જીવનમાં રોજગારી મારફતે અંધકાર દૂર કરે છે. -વસંત મહેતા (દાહુ)

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી અને ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે પ્રેરક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાયો.

આજરોજ, ૩૧મી ઓક્ટોબરના રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિશ્વવિભૂતિ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી અને સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીજીની પુણ્યતિથિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી અને કોંગ્રેસ સંગઠન પ્રભારી શ્રી રણદીપસિંહ સુરજેવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી સહિતના વરિષ્ઠ નેતાઓ, આગેવાનો, ધારાસભ્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બંને મહાન રાષ્ટ્રીય નેતાઓને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.



અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય મહામંત્રી અને કોંગ્રેસ સંગઠન પ્રભારી શ્રી રણદીપસિંહ સુરજેવાલાએ સંબોધનમાં સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રનિર્માણમાં રહેલા ઐતિહાસિક યોગદાનને યાદ કરતાં જણાવ્યું હતું કે સરદાર સાહેબ માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ સમગ્ર દેશના ગૌરવ છે. ગુજરાતના દરેક નાગરિકને તેમના વારસદાર હોવાનો ગર્વ હોવો જોઈએ. ૧૫૧મી જન્મજયંતીના અવસરે સરદાર સાહેબના વિચારો અને આદર્શોને આત્મસાત કરવાનો સંકલ્પ લેવો જોઈએ. સરદાર પટેલ દ્વારા અંગ્રેજ શાસન સામે ખેડૂતો અને કિસાનોના હક-અધિકાર માટે ખેડા અને બારડોલી જેવા સત્યાગ્રહોમાં કરાયેલા નેતૃત્વને યાદ કર્યું હતું. ૬૬૦થી વધુ દેશી રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબે આપેલા યોગદાનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે સરદાર પટેલ ભારતને જોડવાની વાત કરતા હતા અને આજે રાહુલ ગાંધી પણ ભારત જોડવાની વાત સાથે દેશની એકતા અને અખંડિતતાનો સંદેશ આપી રહ્યા છે.

વધુમાં શ્રી રણદીપસિંહ સુરજેવાલાએ સ્વ. ઈન્દિરા ગાંધીજીને 'આયર્ન લેડી' તરીકે યાદ કરી તેમના સંઘર્ષમય જીવન, સાહસ, રાષ્ટ્રસેવા અને બલિદાનને નમન કર્યા હતા. તમામ ધર્મો, સંપ્રદાયો અને તહેવારોના સન્માનની ભારતીય પરંપરાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે રામનવમીએ ભગવાન શ્રીરામને નમન અને મહાશિવરાત્રીએ ભગવાન શિવની આરાધના કરવાની જેમ દેશના તમામ મહાન રાષ્ટ્રીય નેતાઓની જન્મજયંતી અને પુણ્યતિથિએ તેમના યોગદાનને યાદ કરી વંદન કરવાં જોઈએ. તેમણે સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નહેરુ, મૌલાના અબુલ કલામ આઝાદ, ડૉ. બાબાસાહેબ આંબેડકર અને ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સહિતના રાષ્ટ્રનિર્માતાઓના યોગદાનને યાદ કરતાં લોકશાહી, સમાનતા અને નાગરિક અધિકારોના મૂલ્યો જાળવવાની વાત કરી હતી. આદિવાસી, ગરીબ, શોષિત અને વંચિત વર્ગોના અધિકારો માટે કોંગ્રેસે ઐતિહાસિક રીતે આપેલા સંઘર્ષનો ઉલ્લેખ કરી બંને મહાન નેતાઓની વિચારધારા અને સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ સંબોધનમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને સ્વ. ઈન્દિરા ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઈ રાષ્ટ્રની એકતા, અખંડિતતા, ભાઈચારો અને લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો. સરદાર સાહેબના ખેડા સત્યાગ્રહ અને બારડોલી સત્યાગ્રહનો ઉલ્લેખ કરતાં ખેડૂતોના હક અને અધિકારો માટે તેમણે કરેલા ઐતિહાસિક નેતૃત્વને યાદ કર્યું હતું. સરદાર સાહેબે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ તરીકે લાંબા સમય સુધી આપેલા સંગઠનાત્મક નેતૃત્વ અને દેશના રજવાડાંઓને એકત્રિત કરી અખંડ ભારતના નિર્માણમાં આપેલા યોગદાનને વિશેષ રીતે બિરદાવ્યું હતું. સાથે જ વર્તમાન સમયમાં ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓ અને ખેડૂતોની આત્મહત્યાના પ્રશ્નો અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

શ્રી અમિત ચાવડાએ સ્વ. ઈન્દિરા ગાંધીજીને આધુનિક ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન અને 'લોખંડી મહિલા' તરીકે યાદ કરતાં બેંકોના રાષ્ટ્રીયકરણ, હરિત ક્રાંતિ અને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધના ઐતિહાસિક સંદર્ભમાં બાંગ્લાદેશના નિર્માણ સહિતના તેમના શાસનકાળના મહત્વપૂર્ણ નિર્ણયો અને યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. બંને મહાન નેતાઓના જીવનમાંથી પ્રેરણા લઈને એકતા, ભાઈચારો અને લોકકલ્યાણના માર્ગે આગળ વધવા તેમણે સૌને અપીલ કરી હતી.

"આધુનિક ભારતના શિલ્પી પ્રિયદર્શિની ઈન્દિરા ગાંધી " વિષય પર વ્યાખ્યાન આપતાં જાણીતા શિક્ષણવિદ્ અને અર્થશાસ્ત્રી પ્રો. રોહિત શુક્લાએ ઈન્દિરા ગાંધીજીના જીવન, રાજકીય દૃષ્ટિકોણ અને આધુનિક ભારતના ઘડતરમાં તેમના યોગદાન પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. જાહેર જીવનમાં અફવાઓ અને ખોટી માહિતીથી દૂર રહી તથ્યો, ઐતિહાસિક સંદર્ભો અને અભ્યાસના આધારે વિષયોને સમજવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પંડિત જવાહરલાલ નહેરુના સમયગાળાની કૃષિ નીતિઓ, પંચવર્ષીય યોજનાઓ, શિક્ષણ, આર્થિક આયોજન અને વિકાસલક્ષી પ્રયાસોનો ઉલ્લેખ કરી દેશની આર્થિક પ્રગતિના ઐતિહાસિક પાસાઓ સમજાવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિઓ, ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ, ૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ સંગ્રામ, ભારતના અમેરિકા અને રશિયા સાથેના સંબંધો તથા હરિત ક્રાંતિ જેવા મહત્વપૂર્ણ વિષયોનો સંદર્ભ આપ્યો હતો. ઈન્દિરા ગાંધીજીના સામાજિક, રાજકીય અને આર્થિક પરિવર્તનના પ્રયાસોનું વિશ્લેષણ કરતાં તેમણે જણાવ્યું હતું કે ઇતિહાસમાંથી શીખીને વર્તમાન પડકારોને સમજવા અને નવી પેઢી સુધી રાષ્ટ્રનિર્માતાઓના વિચારો તથા યોગદાનને પહોંચાડવા સમયની માંગ છે.

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ સરદાર વલ્લભભાઈ પટેલ અને સ્વ. ઈન્દિરા ગાંધીજીના જીવનસંઘર્ષ, રાષ્ટ્રપ્રેમ, લોકશાહી મૂલ્યો અને રાષ્ટ્રનિર્માણમાં આપેલા યોગદાનને ભાવપૂર્વક યાદ કરી તેમના આદર્શોને અનુસરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી, પૂર્વ પ્રદેશ પ્રમુખ શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, પૂર્વ વિપક્ષી નેતા શ્રી પરેશ ધાનાણી, રાજ્યસભાના સાંસદ ડૉ. અમીબેન યાજ્ઞિક,, ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શ્રી શૈલેશ પરમાર, શ્રી હિંમતસિંહ પટેલ, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, શ્રીમતી સોનલબેન પટેલ, શ્રી ઉત્તમભાઈ પરમાર, શ્રી વિજય પ્રતાપજી સહિતના આગેવાનો, ધારાસભ્યો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.સરદાર સાહેબની રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની દૃષ્ટિ તથા ઈન્દિરા ગાંધીજીના રાષ્ટ્રસેવા, સાહસ અને સંઘર્ષના વારસાને યાદ કરી કાર્યક્રમનું સમાપન ભાવભીની શ્રદ્ધાંજલિ અને 'જય હિન્દ'ના ગૌરવભેર નાદ સાથે કરવામાં આવ્યું હતું.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat